# Navjivan Vadil Kendra

An organisation to serve the needs of elderly, lonely and retired people

નીચેના સભ્યોએ ઓગસ્ટમાં તેમના જન્મદિન મનાવ્યા:
કોકિલા સોલાની
જયંતીલાલ ડી શેઠ
શિરીષ પી પારેખ
સુરેન્દ્ર ડી મહેતા
હસમુખલાલ ટી મહેતા
ઉર્મિલા આર કપાસી
કે.સી.જૈન

નીચેના સભ્યોની જન્મદિન સપ્ટેમ્બરમાં આવી રહ્યો છે.
જશવંતી ડી શેઠ
વિદુલા આર શાહ
બાબુરાઇ ટી શાહ
સુશીલા ડી શેઠ
ઉર્મિલા પરીખ
મનસુખલાલ કે મહેતા
ધનલક્ષ્મી મહેતા
રમાગૌરી કોઠારી
અવંતિલાલ જશાણી
કુસુમબેન દોશી
મહેન્દ્ર પી કોઠારી

લંચ માટેનો ફાળો: દર મહિને £5
યોગ માટેનો ફાળો: દર મહિને £2.50

## નવજીવન વડીલ કેન્દ્ર

વૃદ્ધ, એકાકી, અને નિવૃત લોકોની સેવા અને સહાય માટે સ્થપાયેલી સંસ્થા.

વોલ્યુમ ૧, અંક ૩ સપ્ટેમ્બર ૨૦૦૭
દર ગુરુવારે સેયર સેન્ટર, ઓક્ષગેટ લેન, ક્રીકલવુડ લંડન માં મળીએ છીએ.

**ઓગસ્ટ લંચ**

૨ ઓગસ્ટ: રોહિત શાહ તરફથી
૧૬ ઓગસ્ટ: સુરેન્દ્ર ડી. મહેતાના ૬૧મા જન્મદિન નિમિત્તે
૨૩ ઓગસ્ટ જયંતીલાલ ડી. શેઠના ૭૯મા જન્મદિન નિમિત્તે.

**બાલાજી ટ્રીપ**: ૯૮ સભ્યો અને તેમના મહેમાનોએ અમારી બરમીંગહામના બાલાજી મંદિરની આ પહેલી કોચ યાત્રામા ભાગ લીધો હતો. સહુએ લક્ષ્મી નારાયણ મંદિરમાં સ્વાદીષ્ટ લંચ બાદ નવા કોવેન્ટ્રી કેથેડ્રલની પણ મુલાકાત લીધી હતી.

**હવે પછીની અમારી ટ્રીપ** : મંગળવાર ૨૫ સપ્ટેમ્બરના રોજ અમે બ્રાઇટનની વીઝીટ રાખી છે. નિરાશ ન થવુ તે પડે તે માટે તમારા નામ વહેલી તકે નોંધાવવાની વિનંતિ છે.

**એબી નેશનલ:** અમે પ્રથમ તો એબી નેશનલમાં એકાઉન્ટ ખોલાવવા અરજી કરી હતી. બેન્કે જો કે આપણી ફાઇલ ક્યાંક ખોઇ નાખવાથી, આપણે ફરિયાદ કરી એટલે ભૂલ બદલ તેઓએ આપણને ૨૦૦ પાઉન્ડ આપેલ છે.

**સ્પોન્સરશીપ:** જયંતભાઇ દોશીના સ્પોન્સર ટ્રેકમાં £3192.17 જેવી સુંદર રકમ ભેગી થઇ છે. જેમણે જેમણે તેમને સ્પોન્સર કરીને આપણા કેન્દ્ર માટે મદદ કરી તે સહુનો આભાર.

**લગ્નની એનીવરસરી**:- ઓગસ્ટ દરમ્યાન નીચેના સભ્યોએ તેમના લગ્નની એનીવરસરી મનાવી હતી. આપણી શુભેચ્છાઓ.
પ્રવિણચંદ્ર અને ઇન્દુબેન ખોના
દિનકર અને કુમુદ કોઠારી
દોલતરાય અને જશવંતી શેઠ

**ખુશી ભેટ**: નીચેની રકમ સ્વીકારી તેમનો આભાર માનીએ છીએ
£25 બાબુલાલ આર મહેતા તરફથી
£25 જ્યોત્સના ડગલીના પુત્ર, મીનલના ભાઇ અને તારામતીબેન તથા સ્વ. અમૃતલાલ બી માવાણીના પૌત્ર મિલન ગ્રેજ્યુએટ (MBCHB) થયો તેની ખુશાલીમાં. મિલનને અભિનંદન અને શુભેચ્છાઓ.

**પર્યુષણ:**

નવનાત વણિક એશોશિએશન , નવનાત સેન્ટર, હેયઝમાં તા.૯ સપ્ટેમ્બરથી ૧૬ સપ્ટેમ્બર દરમ્યાન. સંવત્સરી પ્રતિક્રમણ તા ૧૬ના રોજ તથા પ્રીતિ ભોજન 30 સપ્ટેમ્બરના રોજ. મહાવીર જયંતી ૧૫ સપ્ટે. વિગતો નવનાત દર્પણમાં છે. ભાવના અને આરતી રોજ સાંજે ૮.30 વાગે.

મહાવીર ફાઉન્ડેશન પર્યુષણ: તા. ૮ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર દરમ્યાન કીન્ગસબરી હાઇસ્કૂલમાં. સંવત્સરી પ્રતિક્રમણ તા ૧૫ના રોજ. ભાવના આશીષ મહેતાના ગ્રુપ દ્વારા. મહાવીર જયંતી ૧૨ સપ્ટે. સાંજે. કલ્પસૂત્ર વાચન રોજ સવારે દેરાસરમાં. વિગતો www.mahavirfoundation.org

સ્ટોપ પ્રેસ: નવજીવન વડીલ કેન્દ્રને £7200ની ગ્રાંટ તેના સુંદર કાર્ય બદલ મળેલ છે. માત્ર છ મહિનાના કેન્દ્રના ઇતિહાસમાં આ એક સિદ્ધિ છે. અમે વૃદ્ધ, એકાકી, અને નિવૃત ભારતીય લોકોની સહાય માટે અને તેમના જીવનની ગુણવત્તા સુધારવા પ્રયત્નશીલ છીએ.